# ગુજરાતી સાહિત્ય સરિતา

# Gujarati Sahitya Sarita

અંક: 3

તારીખ: ૪/૧/૨૦૦૯

રજૂકર્તાઃ ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

વેબસાઇટ: [http://gujaratisahityasarita.org](http://gujaratisahityasarita.org)

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ........ 2
ગુજરાતી સાહિત્ય સરિતાની માર્ચ મહીનાની બેઠક-અહેવાલ - વિજય શાહ ........ 3
વસંત- શૈલા મુન્શા ........ 5
વિધાતાનો અભિશાપ-મનુજ હ્યુસ્તોનવી ........ 6
મારી માતૃભાષાનું સૌન્દર્ય- કિરીટકુમાર ગો ભક્ત ........ 7
એક આંધળી બાળાનો સંદેશો! -વિશ્વદીપ બારડ ........ 9
“મોક્ષ અને મુકિત” - ગીરીશ દેસાઇ ........ 10
ના ભુલશો - ધીરજ રાચ ........ 10
તમે યાદ આવ્યા !!!!!!!- રસેશ દલાલ ........ 10
લાગણી કેટલી-પ્રદીપ બ્રહ્મભટ્ટ ........ 11
હાઈકુ - વિજય શાહ ........ 11
વિશ્વ-ભાસ્કર - દેવિકાબેન ધ્રુવ ........ 12
ઝરમર- સરયૂ પરીખ ........ 13
જીવન ફિફ્ટી - ફિફ્ટી છે - રમઝાન વિરાણી ........ 14
મિત્રતા- નીરાબેન શાહ ........ 15
માલ કબીરા-‘રસિક’ મેઘાણી ........ 16


રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુજરાતી સાહિત્ય સરિતાની માર્ચ મહીનાની બેઠક-અહેવાલ - વિજય શાહ



ગુજરાતી સાહિત્ય સરિતાની માર્ચ મહીનાની બેઠક ૧૫મી માર્ચ ના રોજ શ્રી મધુસુદનભાઈ અને ભારતીબેન દેસાઈના ઘરે થઈ હતી .વિષય હતો "ફાગણ" અને નિર્ધારીત સમયે સભા સંચાલક કવિ શ્રી સુરેશ બક્ષી એ પ્રાર્થના થી બેઠક નો આરંભ કર્યો. નવાંગતુક મહેમાનો પ્રફુલ્લાબહેન પટેલ, ડો કમલેશ અને છાયાબેન્ ઠાકર અને બીપીન પંડ્યા ને ઉર્વશીબેનને બેઠકમાં સન્માન પુર્વક આદર અપાયો. પ્રાર્થના પછી એમણે કહ્યું -દિલીપ વ્યાસ કહે છે

**" પ્રણયનો કાયદો પાળે નહીંતે કેમ ચાલે?**
**હું બોલાવુ અને તુ ન આવે તે કેમ ચાલે?"**

ફાગણ છોને ન હોય રંગ ભરેલો કે કોરો, બને તે અષાઢી ખયાલ તે કેમ ચાલે.. કરે મયુર ટહુકા તે કલ્પન સાથે સાંભળીયે હેમંતભાઈ ગજરાવાલાને...હેમંતભાઈ એ ફાગણ નાં રંગોને વિજ્ઞાન નાં સંગે સરસ મઢી નાનકડું ગદ્ય કાવ્ય સંભળાવ્યુ. ફરી સુરેશભાઈ એ પોતાનો શેર કહ્યો..

**છે કદી ફાગણને કદી શ્રાવણ ઝેરી તકદીરનું શોધો મારણ**
**આમ ક્યાં સુધી ખોડાવું મારે?આવો ઉતારો અફળતાનું ભારણ.**

અને માઈકનો દોર આપ્યો દેવિકાબેન ધ્રુવનાં હાથમાં દેવિકાબેન આમેય કુદરતનાં રંગોની સુંદર શબ્દોથી રંગોળી પુરતા કાબેલ કવિયત્રી છે તેમણે અષાઢી માહોલ ને ટહુકા કરતા મોરની વચ્ચે કોયલ મંજરી અને મંદ મંદ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

વાયરાઓની શ્રોતાઓને તેમના કાવ્ય દ્વારા ઝાંખી કરાવી.પ્રકાશ મજમુદારે તેના કર્ણ પ્રિય અવાજમાં ગની દહીવાલા અને શુન્ય પાલન્પુરીની ગઝલ ગાઈ બેઠકને સુર થી ભરીવિજય શાહે પ્રસંગને અનુરુપ ત્રણ હાઈકુ કહ્યાં. સદાબહાર ફતેહ અલી ચતુરે ફાગણને સાંકળતી સરસ હાસ્ય રચના હિંદી માં કહી.

ફરીથી સુરેશ બક્ષી તેમનુ મુક્તક લઈને આવ્યા ( લોટરી દેવીની વાત છે)

**જોઉં છું રોજ તને પણ મળવાનાં બહાના નથી મળતા**
**આ શું સિતમ છે તકદીરનો હાથ વેંત છે ને ખજાના નથી મળતા**

નીરાબેન શાહે પણ ફાગણનું સુંદર કાવ્ય કહ્યુ અને વિષયને પુખ્ત રીતે ન્યાય આપ્યો જેની પાછળ શૈલા બેને તેમણે ગતવર્ષે શાંગ્રીલા ગેલેરીમાં જે કાવ્યનું મુખડુ લખ્યું હતું તે કાવ્ય પુરૂં કર્યુ અને તે રજુ કર્યુ અને શ્રોતાઓની દાદ મેળવી ગયા.

નુરદ્દીન દરેડીયા તેમની હિંદી મિશ્ર ગુજરાતી ચાર શાયરી કહી ગયા તો રસિક મેઘાણી તેમનો શેર તરન્નુમમાં ઇશ્કે હકીકતમાં સૌને સંભળાવી ગયા. અશોકભાઈ પટેલ હમણા જ ભારત થી આવ્યા અને મુકેશ જોશીની બહુ જ હ્રદય સ્પર્શી કવિતા લઈ આવ્યા હતા.. જેમાં લખોટી અને તેની રમતો દરમ્યાન કરેલી અંચઈની વાત જોડે તુરંત તે દોસ્તને અંચઈ કેમ કરી વાળુની વાત હતી. અશોકભાઇ ની સુંદર રજુઆત થી દરેક્ને બચપણ ની શેરીની ધુળ સાંભરી ગઈ હતી.

બેઠક જ્યારે પૂર્ણ રંગમાં આવી ત્યારે મધુસુદનભાઈ દેસાઈ કઠોર કવિતા લઈને આવ્યા કે તુ કઠોર છે નઠોર છે ત્યારે તેનો બહુ ભાવુક અને ઉત્તમ જવાબ તેમના પત્ની ભારતીબેને સુંદર ફિલ્મી ગીત ગાઈને આપ્યો.

પછી શરુ થયો થોડોક માહીતિનો દોર જેમાં અતુલભાઇ કોઠારીએ ગાંધી લાઇબ્રેરીની વિગતો આપી. વિનોદ પટેલે અજંટા પેઇન્ટીંગની વાતો કરી. હેમંતભાઈ ગજરાવાલાએ નાણાકીય માહીતિ આપી. વિજય શાહે ગુજરાતી સાહિત્ય સરિતા ઊજાણી કરશે અને તે સમય દરમ્યાન **ગુજરાતી શબ્દ સ્પર્ધા** રમાશે જેની
માહીતિ માટે www.Bhagavadgomandalonline.com ઉપરથી અજાણ્યા અને અઘરા શબ્દો ૩૧ માર્ચ પહેલા એકઠા કરીને વિશાલ મોણપરાને આપવાનું દરેક્ને ઈજન અપાયુ અને ભારતીબેન અને મધુસુદનભાઈનાં આતિથ્યનો સ્વિકાર કરી સભા બરખાસ્ત થતા છેલ્લે ગની દહીવાલાને યાદ કરતા સુરેશભાઇ બક્ષી બોલ્યા

**વર્ષોથી 'ગની' નિજ અંતરમાં, એક દર્દ લઈને બેઠો છું.**
**છો એનું તમે ઔષધ ન બનો,પણ દર્દ વધારો શા માટે?**

કો ઓર્ડીનેટર જયંતભાઈ પટેલે સહુનો આભાર માની સંપન્ન કરી હતી.આ મીટીંગનાં અન્ય ફોટા જોવા નીચે ની લિન્ક ને ક્લીક કરો
http://www2.snapfish.com/share/p=358151237159430698/l=475171289/g=86167913/otsc=SYE/otsi=SALB

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વસંત- શૈલા મુન્શા



વાસંતી વાયરાએ કીધું અડપલું
ને ખિલ્યો ગુલમહોર મારે અંગ
ભૂલી ને ભાનસાન હું તો વહેતી રહી
એ વાયરાની સંગ સંગ.
ફોર્યો ફાગણને ફોર્યો ઓલો કેસૂડો
ને છંટાયો ગુલાલ મારે અંગ
છંટાણી લાલિમા એ રંગોની ચારેકોર
ને ભૂલીને ભાનસાન હું તો રમતી રહી
એ રંગોની સંગ સંગ.
રૂખા એ વૃક્ષો બન્યા સજીવન,
ને મહેકી ઉઠ્યા ફૂલડાં વન ઉપવન
ફેલાણી એની મહેક ચારેકોર
ને ભૂલીને ભાનસાન હું તો મહેકી રહી
એ ફૂલોની સંગ સંગ
ટહુકો મધુરો ગુંજતો કોયલનો
જાણે રેલાયા બંસીના સૂર
સૂરોને તાલ ખેલંતો કાનૂડો ફાગ
ને ભૂલીને ભાનસાન હું તો રંગાતી રહી
એ કાનૂડાની સંગ સંગ
વાસંતી વાયરાએ કીધું અડપલું
ને ખિલ્યો ગુલમહોર મારે અંગ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વિધાતાનો અભિશાપ-મનુજ હ્યુસ્તોનવી

ભગાની વહુને પતરું વાગ્યું. ચારેક દિવસે મટ્યું ના મટ્યું ને આખા શરીરે ખેંચ આવવી શરૂ થઇ ગઇ. ભગો દવાખાને દોડ્યો. ડોક્ટરે સરવાર કરવાની ના પાડી, ને તાલુકાની મોટી હોસ્પીટલમાં એને લઈ જવા કહ્યું. ભગો કકળ્યો, પણ ડોક્ટર ધરાર ના માન્યો. "ધનૂરની મારી પાસે કોઇ દવા જ નથી", એમ કહીને ટાઢા પાણીએ ખસ કાઢી.


આખા ગામમાં અરેરાટી ફેલાઇ ગઇ. ભગાની વહુને તો તાલુકાની હોસ્પીટલે લઇ જતાં, અર્ધા રસ્તેથી જ અગ્નિસંસ્કાર માટે પછી લાવવી પડી.

એ જ સાંજે, વળી ગામમાં અચરજ ફેલાયું, જ્યારે કંપાઉન્ડરના છોકરાને પગમાં ખીલી વાગ્યા બાદ ધનૂરનું ઈંજેક્ષન અપાયું. આખું ગામ અને ભગો સમસમીને બેસી રહ્યાં. લોકોએ ડોક્ટર સામે ફરિયાદ કરવા ભગાને સમજાવ્યો. પણ, ભગો તો આખા પંથકનો ભગત હતો. અરે, સાચા અર્થમાં ભગત હતો. એના ભોળા મને તો ડોક્ટરને ક્યારની ય માફી આપી દીધી હતી. અને, આમ આ વાત પર પડદો પડી ગયો.

એક દિવસ, ડોક્ટરને ઘેર નાગ નિકળ્યો. ગભરાટમાં દોડાદોડી કરતી ડોક્ટરની પુત્રીને આભડી ગયો. લોકો ભેગા થયા. ડોક્ટર આવ્યા. દવાઓ જોઇ. એન્ટીડોટ પર એક્ષ્પાયરી ડેટ જોઇ. ડોક્ટરે દુઃખ્માં માથું ધુણાવ્યું. લાચાર ડોક્ટરનું મોં જોઇ લોકો સમજી ગયા. દર્દીને તાલુકાની હોસ્પીટલમાં ખસેડવી જોઇએ માની ગાડું જોડ્યું. ડોક્ટર, "જલ્દી કરો, જલ્દી કરો" બોલ્યા. એટલામાં, ગીગા પટેલને યાદ આવ્યું ને બોલ્યા, " અરે, કોઇ ભગાને બોલાવો. એના જેવો ઝેર ચૂસનારો આખા પંથકમાં કોઇ નથી."

લોકો દોડ્યા, ભગલાને ઘેર. ભગાને વાત કરી. વાત જાણી કે તરત જ ભગો પગમાં ચાખડીઓ ઘાલી, પછેડી લેવા દોડ્યો. પણ, પાછું કંઇક યાદ આવ્યું એટલે પછેડી પાછી મૂકી, જોડા કાઢી, ટાઢાશથી હિંચકે હિંચકવા બેઠો. ભગતને લોકોએ વેર મૂકી દેવા સમજાવ્યો. ભગતે નમ્રતાપૂર્વક આંખમાં આંસુ સાથે હાથ જોડી, બધાને પાછા ચાલી જવા કહ્યું. લોકો, ભગતના નામ પર થૂ...કરી, એની બોતેર પેઢી તારાજ થઇ જાય એવા વેણ કાઢી, ચાલી ગયા.

આ બાજુ, તાલુકાની હોસ્પીટલે જવાના અર્ધા રસ્તે છોકરી ફાટી પડી. એના અગ્નિસંસ્કાર કરવા, લોકો ગામ બહાર ટીંબે ઊભા કરેલા સ્મશાને એકઠા થવા લાગ્યા. લોકોને અચરજ થયું, જ્યારે એમણે જોયું કે ભગો સહુથી પહેલો આવીને છાતીફાટ રડતો હતો. લોકોએ બહુ પૂછ્યું, તો જવાબ આપ્યો, " શું કરું...ભાઇઓ, મારા ત્રણ છોકરાઓની મા ગણો તો મા ને બાપ ગણો તો બાપ, તે હું એક જ છું. મારા વિષે તમે લોકો ગમે તેમ વિચાર કરો તે પહેલા હું ઇચ્છું છું કે તમે બધા...મારું આ મોં... જૂઓ...", અને એણે એનું પોતાનું મોં બધાની સામે ખોલ્યું.



ભગાનાં મોઢામાં ત્રણ-ચાર મોટા-મોટા ચાંદા હતા.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

# મારી માતૃભાષાનું સૌન્દર્ય- કિરીટકુમાર ગો ભક્ત

હું વરસો થી વિદેશની ધરતીમાં ફરું છું અરબ દેશો, આફ્રીકા, દક્ષીણ અમેરિકા, ઉત્તર અમેરિકા અને યુરોપ.. મહદ અંશે મને અંગ્રેજી ઉપરાંત ઘણી બધી ભાષાઓનું શબ્દ ભંડોળ અને જ્ઞાન છે.
મારી ઉંમરનાં ઘણા માબાપોને મેં તેમના સંતાનોને ગુજરાતી ભાષાની ગુણવત્તા સમજાવવામાં નિષ્ફળ નિવડતા જોઇને ક્યારેક બહુ ચિંતવેલુ અને લખેલુ આ લખાણ સૌ ગુજરાતી ભાષાનાં ચાહકોને ગમશે.

મારી માતૃભાષાની સમૃધ્ધિનાં નિમ્નલીખીત દ્રષ્ટાંતો આપને ગમશે. જેમાં એક શબ્દમાં સહેજ ફેર કરવાથી અર્થ સમુળગો બદલાઇ જાય.

૧. શાપ –અને શંકરના ગળામાંથી શાપ નીકળ્યો. સાપ –અને શંકરે ગળામાં સાપનો હાર પહેર્યો.
૨.શરત – તને એ શરત તો યાદ છે ને ? સરત્-તને તેને કહેવાનું સરત ન આવ્યું.
૩.ઉદર – અનાજ હશે તો ઉદર ભરાશે ઉંદર –ઉંદર ભરાશે તો અનાજ બગાડશે.
૪.કાપ –શેરડીનો કાપ મોડો પડશે કાંપ –શેરડી માટે જમીનમાં કાંપ જરુરી છે.
- સડેલું લોહી કાપ મૂક્યા વગર શેં નીકળશે?
- હવે ગરમીમાં વીજળીનો કાપ શરુ...
૫.-આખો-આગથી આખો મલક સળગી ગયો. આંખો –મરચું લાગવાથી આંખો સળગી ઉઠી.
૬.ભાળો –અહીં આ જ ઘાસમાં સાપને ભાળો. ભારો –આ મેં કાપેલો ઘાસનો ભારો.
૭.સંભાળ-માંદગીનો વાવર છે તબિયત સંભાળ. સંભાર –પાપ તારું પરકાશ જાડેજા,ધરમ તારો સંભાર.
૮.રાશિ –બારમાંથી તારી રાશિ કયી છે. રાશી –બારમાંથી કયો પુરુષ રાશી છે.
૯. વારિ- મહેમાન માટે કળશમાં વારિ આણો. વારી-મહેમાન તમો મોંઘેરા,તમારા પર વારી જાઉં. વાળી-ધન ગંગાબાઇની વાળી,સવા વાલ થયા વનમાળી.
૧૦.સરઘસ-ચુંટણીપ્રચારનું સરઘસ. સરકસ –નેતાઓનું વિધાનસભામાંનું સરકસ.
૧૧.કૃતઘ્ન-મીરજાફર કૃતઘ્ન. કૃતજ્ઞ- ભામાશા કૃતજ્ઞ
૧૨.ઉગાડવું –ખેડૂતો અનાજ ઉગાડે છે. ઉઘાડવુ - ઘર ઉઘાડવુ
૧૩.નળ –પાણી માટેનો નળ. નર – પાણી વગરનો નર.
૧૪.નિશ્ચિત-એનું મરણ ઓપરેશન પછી પણ નિશ્ચિત છે. નિશ્ચિંત-એનું ઑપરેશન થઇ જતાં જ અમે નિશ્ચિંત થઇ ગયા.
૧૫.ભાગી-એનો દીકરો ગામ છોડી ભાગી ગયો. ભાંગી-એની દીકરી વિદાયમાં એ ભાંગી ગયો.
૧૬. કમળ-કમળનાં ફુલ હાથમાં રાખો. કમર-હાથ કમર પર રાખો.
૧૭.ચાલ-તું મારી સાથે ચાલ. ચાળ –તું આ લોટને ચાળ.
-આ ચાલમાં તે રહે છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

-તું એની ચાલમાં જરૂર ફસાવાનો !

-ઘોડાની આ ચાલ ને રેવાલ કહે છે.

-આ છોકરીની ચાલ લટકાળી છે.

૧૮.ગોર – ગોર મહારાજ કથા કહેશે. ગોળ- પૃથ્વી ગોળ છે. -અમે આ ગોળમાં કન્યા આપતાં નથી. ગૉળ- ગૉળ નાખો એટલું ગળ્યુ થાય.

૧૯.શાળા- આ મારી પ્રાથમિક શાળા. સાળા-આ મારા મોટા સાળા. સારા –આ અક્ષર કેટલાં સારા. સાલા- સાલા,તું માણસ છે કે ?

૨૦.માસ- ફાગણનો માસ. માંસ- બકરાનું માંસ.

૨૧.ગાળ-તું ગાળ બોલે છે,એટલે.. ગાલ- તને ગાલ પર તમાચો પડ્યો.

૨૨.મરી-મારો મિત્ર અકસ્માતમાં મરી ગયો. મળી-મારો મિત્ર અકસ્માતે જ મળી ગયો.

૨૩.માળો-ચકલી નો માળો. મારો- આ કમરો મારો છે. -એ દોષી નથી,એને કાં મારો? -આગ પર પાણીનો મારો ચલવાયો.

૨૪.શાલ- આ સુંદર કાશ્મિરી શાલ ! સાલ- આ સાલ વરસાદ સારો છે. સાલ- સાગનું લાકડું સાલ કરતાં મજબૂત હોય છે.

૨૫.સાંભળવું-હું બાળપણમાં ગામને ચોરે રામાયણ સાંભળતો. સાંભરવું- મને ગામનો ચોરો જોઇ બાળપણ સાંભરતું.

૨૬.ચૂક-સેવામાં ચૂક રહી ગઇ હોય તો,માફ કરશો. -તું આ તક ના ચૂક. -તને શી પેટમાં ચૂંક આવે છે. -લે ,આ દિવાલમાં ચૂંક મારી દે.

૨૭.નાસતો-પોલીસે નાસતો ચોરને પકડી લીધો. નાસ્તો- પોલીસ નાસ્તો કરતી રહી,અને ચોર ભાગી ગયો.

૨૮. હશે –હશે ભાઇ!ભૂખ્યો છે. - તે આવતો જ હશે. હસે- હસે તેનું ઘર વસે.

૨૯.ગુણ-આ તમારો ગુણ.. ગૂણ-આ બાજરીની ગૂણ.

30.સુર-દેવ. સૂર-તાનસેન નો સૂર.

૩૧.વધુ-આવર્ષે વર્સાદ વધુ પડ્યો -વધૂ,વંશ વધારે તે વધૂ

૩૨.લક્ષ-લાખની સંખ્યા લક્ષ્ય - ધ્યેય કે નિશાન,

૩૩.રવી- વસંત ઋતુ રવિ - સૂર્ય કે રવિ વાર્,

૩૪.મૂડી- મિલ્કત મૂંડી - માથુ,

૩૫.માળે-ઉપલો માળ મારે -મારે ઘરે,

૩૬.સફર-યાત્રા સફળ- સફળ,

૩૭શિલા-પથ્થર શીલા ચારિત્ર વાન,

૩૮.પાણી-જળ પાણિ - હસ્ત હાથ

૩૯. ચિતા-આગ ચિંતા-દુખદ વિચારો

આપ પણ વિચારશો તો આવુ ઘણુ બધુ આપણી ભાષામાં છે જે ગર્વ કરવા જેવી વાતો છે. આનુ સંવર્ધન એ આપણી વાચક અને લેખક તરીકે ફરજ છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# એક આંધળી બાળાનો સંદેશો! -વિશ્વદીપ બારડ



આંખ નથી એથી હું આંધળી નથી,

આંધળી કહેશો નહી મને,
મારા કાન આંખ બની બધુંયે જુવે છે.

ઇશ્વરે આંખને બનાવ્યા છે કાન,
વ્હાલે આપી છે ઘણી મને શાન..આંધળી કહેશો નહી મને

દિવસ-રાત ને સ્પર્શિ શકું,
ચંદ્રના તેજ ને ભાળી શકું...આંધળી કહેશો નહી મને

'મા' ના ખોળામાં બેસી,
આખી દુનિયા નિહાળી શકું...આંધળી કહેશો નહી મને

લખીને સારી સૃષ્ટીને સંદેશો આપી શકું,
હજાર છે આંખો નિહાળવા મને..આંધળી કહેશો નહી મને

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## "મોક્ષ અને મુકિત" - ગીરીશ દેસાઇ

મોક્ષ અને મુકિત
મોક્ષ એટલે મનનું મૃત્યુ
અને
મુકિત એટલે શૂન્યનો સાક્ષાત્કાર

## ના ભુલશો - ધીરજ રાય

શીખો ભલે તમે અંગ્રેજી ભાષા
જે વિશ્વતણી ભાષા
પણ ના ભુલશો માતૃભાષા
જો ભુલશો માતૃભાષા તમારી
તો ભુલશો સંસ્કૃતિ તમારી

## તમે યાદ આવ્યા !!!!!!- રસેશ દલાલ

પરોઢના પ્રકાશની નજાકત જોઈને તમે યાદ આવ્યા,
પ્રકાશના લાલ કીરણની ટશર જોઈને તમે યાદ આવ્યા,

કીરણના શેરમાંથી નીકળતી ધટમાળ જોઈને તમે યાદ આવ્યા,
શેરનાં સ્પન્દનો અને શબ્દોના ભાવ જોઈને તમે યાદ આવ્યા,

શબ્દોના સાથિયા અને સાથિયાના રંગ જોઈને તમે યાદ આવ્યા,
સાથિયાના ભાવ, ભાત અને ભપકો જોઈને તમે યાદ આવ્યા,

આવાજ શમણામાં એક શમણુ પુરુ થયુ અને તમે યાદ આવ્યા,
યાદમાં યાદ રહી ,ફરિયાદ રહી અને તમે યાદ આવ્યા,

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## લાગણી કેટલી-પ્રદીપ બ્રહ્મભટ્ટ

ના દુરબીનથી દેખાય, ના ફુટપટ્ટીથી મપાય
ના કાતરથી કપાય, કે ના કૉઢીથી તોડાય
જગમાં લાગણી એવી ,જે કોઇથીના જોવાય
......... ના દુરબીનથી દેખાય.
વાતવાતમાં વકરી જાવતો,લાગણી ભાગી જાય
દુર ઉભી રહી જોઇ રહે, તોય તમને ના દેખાય
મીઠી મહેંક ન આવે,કે ના લહેરને અનુભવાય
એતો આવે આંગણે ભઇ,જ્યાં હૈય હેત ઉભરાય
......... ના દુરબીનથી દેખાય.
કામનામને એના જુએ,ને નાલે કોઇ અભિમાન
મળી જાયએ માબાપથી,મળે ભાઇભાંડુંથી માન
દામદમડીને ના ઓળખે, હ્રદયમાં એ રહી જાય
નાપારો કે ઉંચાઇમપાય,જગમાં દુર્લભતે કહેવાય
......... ના દુરબીનથી દેખાય.
મનનીમાયાને તનનામોહ,નામળે દેખાય જ્યાંલોભ
સત્ય સાત્વિક,સ્નેહનેસહવાસ,ઉજ્વળતામાં નાક્ષોભ
આવી આંગણે મળી રહે, લાગણી ભઇ મળે અનેક
મારુતારુ,આપણુ અટકી, મળીજાય લાગણીનીમહેર
......... ના દુરબીનથી દેખાય.



## હાઈકુ - વિજય શાહ

સુકું તે ઝાડ

થઈ ગયું લીલેરું

ફાગણ સ્પર્શે.

# વિશ્વ-ભાસ્કર - દેવિકાબેન ધ્રુવ

એ આંખ મીંચે ને થાય જગ કાળુ,
એ આંખ ખોલે ને થાય અજવાળુ,
ગૂઢ રમત એમ રમતા રમતા,
વિશ્વ તખ્તે રચે દ્રશ્ય રૂપાળું.
વેળા વેળાની ધૂપ છાંવ રચતા,
જ્ઞાન જીવનનું ધરે નજરાણું.
નિત્ય પહોરે સુરખી ભરતા,
સાંજે શમતા ગગન નિરાળું.
વિધવિધ ઋત સજે ધજે એમ,
શીત ગ્રીષ્મ વર્ષા રૂપ ન્યારું.
નિજ આંખ મીંચી સઘળું પોઢાડે,
જાગી સ્વયં કરે જગને વ્હાલું.
એ આંખ મીંચે ને થાય જગ કાળુ,
એ આંખ ખોલે ને થાય અજવાળુ....

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ઝરમર- સરયૂ પરીખ



ધૂમ્મસની આછેરી ચાદર, ત્યાં દૂર સુધી
નીતરતા ટીપાની ઝાલર, ત્યાં દૂર સુધી

વૃક્ષો નમાવીને મસ્તક દે તાલ સુધીર
પત્તા ને ફૂલોનો થરથરાટ છે અધીર—

ઉંચેરી બારીની કાંગરીની કોર પર
નાજુક ને નમણાં એક ચહેરાની આડ પર

નમતી ભીનીભીનીસી પાંપણની ધાર પર
નીલમસી આંખોની કાજળની કોર પર—

આંસુના આવરણ ઉતારવાને, ઓ સજન
ઉત્સુક મન ઉડવાને વ્યાકુળ, ઓરે સજન

પાંખો ફફડાવે, તું આવે, ઓરે સજન
અવની ને આભલાનુ ઝરમર મીલન સજન

---

ઓસ્ટીનના નવા ટેકરી પરના ઘરની બારીમાંથી સુંદર દ્રશ્ય જોતા લખાયેલ–

# જીવન ફિફ્ટી - ફિફ્ટી છે - રમઝાન વિરાણી


Courtesy: article.wn.com

ફિફ્ટી - ફિફ્ટી છે આ જીવન ફિફ્ટી - ફિફ્ટી છે,
કડવાં કારેલાં છે ક્યારેક ટૂટી-ફ્રૂટી છે,
આ જીવન ફિફ્ટી - ફિફ્ટી છે.

માથે ધોળાં આવે એ છે શાણપણનું માપ,
બચેલ કાળાં બિન-અનુભવ ને બાળપણનું માપ;
છેલ્લા ડચકારા લગી શિખતા રહેવાની ડ્યૂટી છે,
કડવાં કારેલાં છે ક્યારેક ટૂટી-ફ્રૂટી છે,
આ જીવન ફિફ્ટી - ફિફ્ટી છે.

પાપથી છલકાતાં જીવનમાં છે ઘણું બધું ધતીંગ,
પુણ્ય-કર્મ એ પાપો ધોનારૂં વોશિંગ-મશીન;
એ એકાઉંટની તો ફક્ત ઈશ્વર પાસે કુટ-પટ્ટી છે,
કડવાં કારેલાં છે ક્યારેક ટૂટી-ફ્રૂટી છે,
આ જીવન ફિફ્ટી - ફિફ્ટી છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

# મિત્રતા- નીરાબેન શાહ



મિત્રતા જરૂર આપણા જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે.મિત્રો આપણા જીવનમાં આપણે કોણ છીએ અને ક્યાં જઈ રહ્યા છીએ તે પહેલીને આકાર આપે છે. જેમ કે" બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા." દરેકે વ્યક્તિ જેમ પોતાના ધર્મથી પોતાનું ઘડતર કરતી હોય છે તેમ મિત્રની મિત્રતા જીવન ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે.

એરિસ્ટોટલના કહેવા પ્રમાણે મિત્રતાના ત્રણ પહેલુ છે.

**૧. મિત્રો એક બીજાના સહવાસથી આનંદમાં રહેવા જોઈએ.**

**૨. એક બીજાના કામમા આવવા જોઈએ.**

**૩. તેમની વિચાર સરણી સમાન હોવી જોઈએ.**

મિત્રતા એક બીજાને સહાયરૂપ બને તે લક્ષ્યથી જીવંત રહે છે. એકબીજાને આનંદ અર્પનાર પણ બને છે. આ બને કારણથી મિત્રતા જિવંત દીસે છે. સાચી મિત્રતા પ્રેમ રૂપી તાંતણે બંધાયેલી હોય છે. મિત્રતાનું પ્રલોભન જલ્દી થાય છે. પણ તેની ગુંથણી થતા સમય લાગે છે. કિંતુ જ્યારે સંબધોના તાંતણા ધ્યેયની શાળ પર વણાય ત્યારે તેમાં મેઘધનુષના રંગો પૂરાય છે. જેનાથી મિત્રતાની શુભ શરૂઆત થાય છે.દિલની નિર્મળતા અતિ આવશ્યક છે. તેના વગર ફુલ બેસતા નથી અને ફોરમ ફેલાતી નથી. આ વાત કેટલી સત્ય જણાય છે કે ' હું મારા દુશ્મનો દૂર નથી કરતો જ્યારે હું તેનુ મિત્રમાં પરિવર્તન કરું છું.'

એ વ્યક્તિ તમારી મિત્ર નથી જે તમારું મોઢું બંધ કરી દઈ તમારો ખીલવાનો હક્ક છીનવે છે. સવાલ છે 'મિત્ર શું છે'? તેનો ઉત્તર

**'બે કાયામાં ગુંજી રહેલી એક ધડકન' તેથીજ તો જીંદગીમા રંગ જામે છે**

**.મિત્રતા મોળી જીંદગીમાં સ્વાદ આણે છે .તેથી જીંદગી ઉત્સાહથી પ્રફુલ્લિત થાય છે**

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## માલ કબીરા-'રસિક' મેઘાણી



પાડોશીનો માલ કબીરા
મુખથી ટપકે રાલ* કબીરા

સાળ**વિફળતા ધાગો ફટકે,
વીવિંગ માસ્ટર ઝાલ કબીરા

નોખા મળીને ભેગા જમવું
પીઝા સાથે દાલ કબીરા

શ્વેત મળે કે શ્યામ સરીખા
નોખા નોખા બાલ કબીરા

કરશે રાતો ચોળ મળીને
બીજો ધરના ગાલ કબીરા

દર્પણ જેમજ ચમકી રે'શે
તેલ સભર છે ટાલ કબીરા

લાગ મળેતો ડાહ્યા ડમરા
ખેંચી લેશે ખાલ કબીરા

મળશે મફતનો માલ 'રસિક'ને
બદલી જાશે હાલ કબીરા

**-'રસિક' મેઘાણી**

*રાલ= લાળ **સાળ= કપડા વણવાની લૂમ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.